જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૦/૦૧/૨૦૨૪ બુધવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૪૯/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૮ કેસ કરી, ૧૯ વ્યક્તિઓને ઝડપી, ૧૬૭ લીટર દેશી દારૂ, ૩૯૦ બોટલ ઇંગ્લીશ દારૂ, ૩૩૧૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૫૨૮ બિયર ટીન, ૧ સ્કુટર અને ૨ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૧૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૭,૫૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૫૦/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ- સમાચાર યાદી નં.૫૧/૨૦૨૪

**શહેરકોટડાઃ** સોમાભાઇ મુળજીભાઇ ચાવડા (ઉ.વ.૭૦) (રહે. ગુજરાત હાઉસીંગ બોર્ડ બાપુનગર) એ તા.૦૯/૦૧/૨૦૨૪ ના રોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સોમાભાઇ ચાવડા તા.૦૧/૧૨/૨૦૨૩ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે સરસપુર પીઠ બજાર બેંક ઓફ બરોડાના એ.ટી.એમ કેબીનમા પૈસા ઉપાડવા ગયા હતા દરમ્યાન એક પુરૂષે એ.ટી.એમ.માંથી પૈસા કાઢી આપવા મદદ કરવાના બહાને સોમાભાઇ ચાવડાને વિશ્વાસમા લઇ પીન નંબર જાણી લઈ સોમાભાઇ ચાવડાનું એ.ટી.એમ.કાર્ડ બદલી બીજુ એ.ટી.એમ.કાર્ડ આપી સોમાભાઇ ચાવડાના ખાતામાંથી કુલ રૂપિયા ૪૪,૬૦૦/- ઉપાડી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.જી.ચોધરી ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૫૨/૨૦૨૪**

**નારણપુરાઃ** દેવાંગભાઇ અંબાલાલ શાહ (રહે. મેઘાલય ફલેટ એવરોન હોસ્પિટલ સામે કેતન ચાર રસ્તા પાસે નારણપુરા) એ તા.૦૯/૦૧/૨૦૨૪ ના રોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.0૪/૦૧/૨૦૨૪ સવારના ૧૦/30 થી તા.૦૮/૦૧/૨૦૨૪ રાતના ૯/00 વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના, ચાંદીના સિક્કા, ચાંદીના ગ્લાસ, ચાંદીની વાટકી અને રોકડ રૂપિયા ૯૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૮,૧૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.એલ.વડુકર ચલાવે છે.

**સોનાની ચેઇન ખેચી તોડી લઇ ગયાઃ-** **સમાચાર યાદી નં.૫૩/૨૦૨૪**

**નિકોલઃ** સુનિલભાઇ સ/ઓ દલપતભાઇ રંગપરિયા (ઉ.વ.૪૦) (રહે. સનરાઇઝ પાર્ક સોસયટી જીવન ટ્વીન બંગ્લોઝની બાજુમાં નિકોલ) તા.૦૯/૦૧/૨૦૨૪ સવારના ૬/30 વાગ્યાના સુમારે શુકન ચાર રસ્તાથી ઉમા સ્કુલ તરફ જતા યામાહા શો-રૂમ આગળથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક કાળા-વાદળી રંગના પટ્ટા વાળા પ્લસર મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ સુનિલભાઇ રંગપરિયાના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૨,૬૦,૦૦૦/- ખેચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ સુનિલભાઇ રંગપરિયાએ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એમ.કુશ્વાહ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૫૪/૨૦૨૪**

**ચાંદખેડાઃ** (૧) દિલીપભાઇ સ/ઓ કુબેરભાઇ સેનમા (ઉ.વ.૩૫) (રહે. શુભલક્ષ્મી સોસાયટી ઉમાભવાની ફાટક પાસે ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૧/૨૦૨૪ બપોરના ૨/30 વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધુ હતું. સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અરવિંદભાઇ વાલાભાઇ ચલાવે છે.

**ચાંદખેડાઃ** (૨) તિજાબહેન વા/ઓ અસલાજી પ્રજાપતિ (ઉ.વ.૮૦) (રહે. સરલ પરિવંશ સોસયટી સત્યમ બંગલોઝ સામે માનસરોવર રોડ ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૧/૨૦૨૪ બપોરના ૪/30 વાગ્યાના સુમારે પોતાના ઘરે છઠ્ઠા માળથી પડતું મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી સી.એચ.ગામેતી ચલાવે છે.

**માધવપુરાઃ** અરવિંદભાઈ મનુભાઈ ઠાકોર (ઉ.વ.૪૨) (રહે. નવાનુ ડેલુ પ્રેમ દરવાજા બહાર માધવપુરા) એ બિમારીથી કંટાળી તા.૦૨/૦૧/૨૦૨૪ ના રોજ પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૮/૦૧/૨૦૨૪ રાતના ૮/૦૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ખુમાનસિંહ ફતેસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી